KE-251-52 Seat No.________

# B. A. (Sem. V) Examination

## October / November - 2017

## CC-510 : Gujarati

## *1. સમીક્ષા - અપઠિત (Option-I)*

## *2. સાહિત્યક નિબંધો (Option-II) (New Course)*

Time : 3 Hours] [Total Marks : 70

## *1. સમીક્ષા - અપઠિત (Option-I)*

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ નીચે આપેલા ગદ્યખંડનો મધ્યવર્તી વિચાર તારવી તેનો સંક્ષેપ કરો : ૧૪

સંખ્યા બહુલતાને કારણે શિક્ષક શિષ્ય વચ્ચેનો પ્રત્યેક્ષ સંપર્ક ઝાઝો સંભવિત રહેતો નથી. પ્રામાણિક પણે એ કબૂલ કરવું રહ્યુઅ કે શિક્ષકો પણ પોતાના જ્ઞાનના સામાર્થ્યથી ઝાઝો પ્રભાવ પાડે એવા રહ્યાં નથી. એમાં દરેક યુનિવર્સિટીમાંથી થોડા સુખદ અપવાદો મળી રહે. આ વિષય શીખવો હોય તો અમુક વિદ્યાપીઠના અમુક અમુક અધ્યાપક પાસે જ જવું જોઈએ એવી જે પરિસ્થિતિ પશ્ચિમમાં છે તેવું કશું આપણે ત્યાં ખાસ નથી. મોટાભાગના વિદ્યાર્થીઓ યુનિવર્સિટી કેમ્પસમાં, વિદ્યાપ્રાપ્તિની પ્રવૃત્તિમાં સંડોવાયા વિના, અહીં તહીં ભટકતા અને ઈતર પ્રવૃત્તિમાં રાચતા દેખાય છે. વિદ્યા પ્રાપ્તિના પુરુષાર્થથી વંચિત રહી ગયેલો વિદ્યાર્થી અનેક અનિષ્ટો ઊભાં કરવામાં હાથારૂપ બને છે, પરીક્ષા પસાર કરવા પૂરતું એ ધંધાદારી દ્રષ્ટિએ ચાલતા વર્ગોમાંથી ''હેન્ડ આઉટ્સ''ને રૂપે મેળવી લે છે. આ તૈયાર સામગ્રીના જોરે જ એ પરીક્ષા આપતો હોય છે. આથી વડીલો પર

વધારાનો આર્થિક બોજો આવે છે, એટલું જ નહિ, યુનિવર્સિટીના કેટલાક શિક્ષકો સીધી કે આડકતરી રીતે આવી ધંધાદારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હોય છે. ત્યારે બીજા અનિષ્ટો પોષાય છે. આ બધું યુનિવર્સિટીના મૂળ ઉદ્દેશને વિફળ બનાવવામાં મોટો ભાગ ભજવે છે.

- સુરેશ જોષી

અથવા

૧ નીચે આપેલા ગદ્યખંડનો મધ્યવર્તી વિચાર તારવી તેને સંક્ષેપ કરો : ૧૪

કવિતાનું ઉપાદાન શબ્દ છે. શબ્દને બે ગુણ છે : અવાજ અને અર્થ. શબ્દ એ કેવળ અવાજ કે કેવળ અર્થ નથી. શબ્દ એ અર્થમય અવાજ, અવાજમય અર્થ છે. અન્ય જેવો - પશુપંખી, જંતુને પણ અવાજો હોય છે. પણ એ અવાજો શબ્દો નથી, જ્યારે મનુષ્યના અવાજો શબ્દો છે, કારણ કે મનુષ્યના નિશ્ચિત અવાજ - એકમોમાં સમાજે સર્વસંમતિથી, સર્વસ્વીકૃતિથી નિશ્ચિત અર્થોનું આરોપણ કર્યું છે. કવિતાનું ઉપાદાન શબ્દો છે. કવિતા શબ્દની કળા છે. શબ્દને કારણે જ કવિતા અન્ય કળાઓથી ભિન્ન છે; સંગીતથી પણ ભિન્ન છે. કારણ કે સંગીતમાં અવાજો છે, પણ અર્થો નથી. સંગીત અવાજોની કળા સ્વરોની art છે. આપણે જ્યારે વ્યવહારમાં શબ્દો બોલીએ છીએ ત્યારે બોલનારના મુખમાંથી એક પછી એક અવાજ સાંભળનારના કાનમાં પહોંચે છે અને સાથે સાથે એના મનમાં એ નિશ્ચિત અવાજોમાં, અવાજોનાં એકમોમાં બોલનાર અને સાંભળનાર જે સમાજના સભ્યો છે તે સમાજે સર્વસંમતિથી, સર્વસ્વકૃતિથી જે નિશ્ચિત અર્થોનું આરોપણ કર્યું છે તે અર્થોનો બોધ થાય છે. પણ કવિતા એ કળા છે. એથી કવિતાના શબ્દનો શબ્દના અવાજ અને અર્થનો વ્યવહારમાં એ શબ્દનો, એ શબ્દના અવાજ અને અર્થનો જે પ્રકારનો મહિમા છે એથી કંઈક વિશેષ, કંઈક અન્ય મહિમા છે. એથી કવિતાના શબ્દનો, વ્યવહારમાં એ શબ્દનો છે એથી કંઈક વિશેષ કંઈક અન્ય અર્થબોધ થાય છે પણ કવિતાના શબ્દોનો આ કંઈક વિશેષ, કંઈક અન્ય અર્થબોધ વ્યવહારમાં એ શબ્દનો જે અર્થ છે એ અર્થ દ્વારા જ - ન અન્યથા - થાય છે એ સ્મરણમાં રહેવું જોઈએ.

- નિરંજન ભગત

૨ નીચે આપેલી કાવ્યપંક્તિ કે ગદ્યપંક્તિનું નિબંધાત્મક વિવરણ કરો : (કોઈપણ **બે**) ૧૪

(૧) ઉદ્યમે જ થતાં કાર્યો, નહીં માત્ર મનોરથે,
સૂતેલા સિંહને મુખે પ્રવેશે મૃગના ભૂલે.

(૨) હું કરું હું કરું એ જ અજ્ઞાનતા
શક્ટનો ભાર જેમ શ્વાન તાણે.

(૩) નિશાનચૂક માફ, નહિ માફ નીચું નિશાન.

(૪) શું જીવનમાં કે શું કળામાં, અનુકરણ એટલે મરણ.

૩ નીચેના કાવ્યની રસલક્ષી સમીક્ષા કરાવો : ૧૪

ટચલી આંગલડીનો નખ
લટમાં પરોવી હું તો બેઠી સજન !
મુને એકવાર કાગળ તો લખ;
કૂપળ ગોતું ને જડે ઝાકળનું ઝૂમખું,
વ્હાલમજી બોલ, એવા અંજળનું નામ શું
ચૂમી ચૂમીને કરી એંઠી, સજન !
હવે લૂછી દે પાંપણના દખ.
છાતીમાં સૂનમૂન પાળ્યાં પારેવડાં,
પાતળિયા પૂછ, એના પડછાયા કેવડા ?
છાલક ના જાય જરી વેઠી, સજન !
મને ઘોળી દે ઘૂઘવાતાં વખ

**- વિનોદ જોશી**

**અથવા**

૩ નીચે આપેલા કાવ્યની રસલક્ષી સમીક્ષા કરો : ૧૪

એમ પણ બને

પકડો કલમને કોઈ પળે એમ પણ બને.
આ હાથ આખે આખો બળે એમ પણ બને.
જ્યાં પહોંચવાની ઝંખના વરસોથી હોય ત્યાં-
મન પહોંચતા જ પાછું વળે એમ પણ બને.
એવું છે થોડું છેતરે રસ્તા કે ભોમિયા ?
એક પત્ર બીજા પગને છળે એમ પણ બને.
જે શોધવામાં જિંદગી આખી પસાર થાય
ને એ જ હોય પગની તળે એમ પણ બને.
તું ઢાળ ઢોલિયો, હું ગઝલનો દીવો કરું,
અંધારું ઘરને ઘેરી વળે એમ પણ બને.

- મનોજ ખંડેરિયા

4 નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો : ૧૪

વસ્તુતઃ સર્જક અને વિવેચક બંને જોડિયા ભાઈઓ જ છે. તત્ત્વદ્રષ્ટિએ તો વિવેચક પણ સર્જકના જેવો જ કલાકાર માલૂમ પડે છે. કોઈ પદાર્થો કે વિષયના સંસ્પર્શથી પોતાના ચિત્તમાં ઉદ્દભવેલી ઊર્મિઓને અન્યના ચિત્તમાં સંક્રાન્ત કરતો વિવેચક પણ એવો જ કલાકાર નથી ? એ પણ સાહિત્ય કે કલાની કૃતિના સંસ્પર્શથી એનાં દર્શન, વાચન, અધ્યયન, મનન આદિરૂપ સંસ્પર્શથી પોતાનાં ચિત્તમાં ઉદ્દભવેલી ઊર્મિઓને અન્યના ચિત્તમાં સંક્રાન્ત કરવાની જ પ્રવૃત્તિ કરી રહ્યો છે. તો પછી એને સર્જનશીલ કલાકાર શા માટે ન કહેવો ?........

જે ભેદ કહેવામાં આવે છે તે કેવળ એમના ઉપાદાન વચ્ચેનો ઉપલક ભેદ જ છે. સર્જકનું ઉપાદાન પ્રત્યક્ષ જીવન છે, ત્યારે વિવેચકનું ઉપાદાન સર્જન પ્રતિબિંબિત પરોક્ષ જીવન છે. સર્જક ઈશ્વરનિર્મિત સૃષ્ટિનુ આલેખન કરે છે, ત્યારે વિવેચક કવિનિર્મિત સાહિત્યસૃષ્ટિનું આલેખન કરે છે.

– વિશ્વનાથ મ. ભટ્ટ

**અથવા**

૪ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો : ૧૪

લોકતંત્રના અનેક આધારો છે. એ બધામાં જો કોઈ મુખ્ય અને મહત્ત્વનો આધાર હોય તો તે પ્રત્યેક વ્યક્તિએ વિશાળ લોકસમુદાયના હિતમાં પોતાનો અંગત સ્વાર્થ અને લાભ મેળવવાની દ્રષ્ટિ જતી કરવી તે છે. જો આપણે આપણા સમગ્ર ઈતિહાસના વિશાળ ફલકનું ઊડતી નજરે અવલોકન કરીશું, તોયે એ જણાયા વગર નહિ રહે કે, આપણા દેશમાં સારાનરસાનો વિચાર કર્યા વિના બીજાનાં હિતોના ભોગે સ્વાર્થ સાધવાની વૃત્તિએ હંમેશાં સર્વનાશ નોતર્યો છે. આજે આપણે શું જોઈએ છીએ ? નાનામોટા અમલદારો પોતાની જવાબદારી પ્રત્યે બેપરવાઈથી વર્તે છે. જ્યાં જુઓ ત્યાં ઓછું કામ કરવાની ભાવના છે. કેળવણી પામેલ લોકોમાં પણ બીજાનું હિત વિચારવાની વૃત્તિ ક્યાં દેખાય છે ? આ બધું આખરે આપણને ક્યાં લઈ જશે ? આપણે ત્યાં લોકોનું રાજ્ય સ્થપાયું છે, પણ એને માટેનો મજબૂત પાયો નંખાયો નથી, એ એક વિવાદથી પર એવું સત્ય છે.

– પંડિત સુખલાલજી

૫ (અ) રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો : (ગમે તે **ચાર**) ૮

(૧) જીવતર ધૂળ હોવું

(૨) મગજમાં રાઈ હોવી

(૩) ભીંત ભૂલવી

(૪) પૈસાના ઝાડ હોવા

(૫) ભણીગણીને પોપટ થવું

(૬) કાન સરવા કરવા

(૭) મથરાવટી મેલી હોવી

(૮) દેવ જાગી જવા

૫ (બ) કોઈપણ **ત્રણ** કહેવતોનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો : ૬

(૧) વાડ વિના વેલો ન ચડે.

(૨) હોઠ સાજા તો ઉત્તર ઝાઝા

(૩) આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ.

(૪) મુખમાં રામ અને બગલમાં છૂરી.

(૫) સાપ ગયા અને લિસોટા રહ્યાં.

(૬) તેલ જુઓ તેલની ધાર જુઓ.

## 2. સાહિત્યક નિબંધો *(Option-II) (New Course)*

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ નીચેનામાંથી કોઈ પણ **એક** વિષય પર નિબંધ લખો : ૩૫

(૧) મધ્યકાલીન ભક્તિ કવિતા.

(૨) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના લઘુ પદ્યપ્રકારો.

(૩) મધ્યકાલીન પદ્યવાર્તા : સ્વરૂપ અને વિકાસ.

(૪) મધ્યકાલીન લોકસાહિત્ય.

૨ નીચેનામાંથી કોઈ પણ **એક** વિષય પર નિબંધ લખો : ૩૫

(૧) પંડિતયુગનું સાહિત્ય અને તેની લાક્ષણિકતાઓ.

(૨) ગુજરાતી સાહિત્ય પર ગાંધી વિચાર ધારાનો પ્રભાવ.

(૩) ગુજરાતી નિબંધમાં પ્રગટતી ગદ્યની વિવિધ તરેહો.

(૪) સમૂહમાધ્યમો અને સાહિત્ય.

---